Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૪ શું. પોષ. વિક્રમ સંવત ૧૯૬૩— અંક ૬ ઠો.

## તત્ત્વસ્મરણ.

### શાર્દૂલવિક્રીડિત.

જે શ્રી દેવજ વીતરાગ જગમાં દેવાધિદેવા પ્રભુ,
જ્યાં સંવેગ વિરાગતા[1] પ્રગટ છે તેવા ગુરૂ [2] ધર્મભૂ;
જે શ્રી જીવદયા પ્રરૂપણ કરે તે ધર્મને આદરૂં,
તે ભાવે કરિ દેવધર્મ ગુરૂના તત્ત્વો સદા હું સ્મરૂં. ૧

### ઝુલણા છંદ.

સમય આ શ્રેષ્ટને ધર્મ સાધન તણો,
નિત્ય શુભ કર્મમાં પ્રેમ ધારો;
રંગ[3] ધરી અંગમાં સંત કરી સંતનો,
ભંગ કરી કર્મનો ભવ સુધારો. ૧ (એ ટેક)
ક્ષણિક[4] આ દેહ છે ભવતણા ભોગમાં,

૧ વૈરાગ્ય. ૨ ધર્મનું સ્થાન. ૩ આનંદ. ૪ ક્ષણમાં નાશ પામનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચપલ ધન ધામ[૧] છે એ વિચારો;[૨]
નહિ મલે ફરિ ફરિ અતુલ[૩] માનવતનૂ[૪],
વ્યર્થ ચિંતામણિ કચરું વિહારો.[૫] સમય૦ ૨

પાપને પરહરીદ[૬] આત્મ ચિંતન કરી,
પંચ પરમેષ્ટિનું ધ્યાન ધારો,
મલિન મિથ્યાત્વથી દૂર અંતર[૭] કરી,
શત્રુ અંતર તણાં છો[૮] વિદારો. સમય૦ ૩

બંધુ સાધર્મિને સ્હાય દો સ્નેહથી,
અન્ય ઉપકારથી પુણ્ય પામો;
ક્ષેત્ર જે સાત ધન બીજ તેમાં ધરી,
પુણ્યના પુંજમાં નિત્ય જામો. સમય૦ ૪

દેવ ગુરૂધર્મ—એ તત્ત્વ શોધન કરી,
તે વિષે ભાવના નિત્ય ભાવો,
પ્રેમથી ધારી **આરામ**[૯] **આત્મા** વિષે,
ગુરૂ તણાં સદ્ગુણો નિત્ય ગાવો. સમય૦ ૫

# પાંચકલ્પી સાધુઓનું વર્ણન.

## અને

## શિવભૂતિની દુર્દશા.

**( ગયા અંક પાંચમાના પૃષ્ટ ૧૧૬ થી ચાલુ. )**

હે શિવભૂતિ, ચોથા પ્રતિમાકલ્પીનું સ્વરૂપ પણ જાણવા જેવું છે. સાધુને બાર પ્રતિમા છે. પેહેલી પ્રતિમા સાતમાસ વિગેરેની છે. આઠમી, નવમી, અને દશમી સાત અહોરાત્રની છે. અગીયારમી

૧ ઘર. ૨ વિચાર કરો. ૩ જેની તુલના ન થઇ શકે તેવું. ૪ મનુષ્ય શરીર. ૫ ભુલી જાઓ. ૬ છોડી દઇ. ૭ હૃદય. ૮ કામ, ક્રોધ, લોભ, મોહ, માન, માયા, એ છ અંતરના શત્રુઓ ૯ આત્માને વિષે આરામ—વિશ્રામ. બીજે પક્ષે શ્રી આત્મારામજી ગુરૂ વિષે પ્રેમ ધારણ કરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક અહોરાત્રની અને બારમી એક રાતની છે. તે પ્રતિમાકલ્પીનો આત્મા સારી સંઘેણ અને ધૈર્યવાલો તથા મહાસત્વવાન્ હોય છે. તે સારી રીતે ગુરૂની આજ્ઞા લઈને સ્વીકારે છે. જ્યાં સુધી દશ પૂર્વ પૂરા ન થાય ત્યાં સુધી પ્રતિમાકલ્પી ગચ્છમાં માયા રહિત થઈને રહે છે, તેને ઓછામાં ઓછું નવમા પૂર્વની ત્રીજી વસ્તુ જેટલું શ્રુત જ્ઞાન હોય છે. તે શરીરને વોસરાવીને જિનકલ્પીની માફક ઉપસર્ગ સહે છે. તેની એષણા અભિગ્રહવાલી હોય છે અને તેમનું ભક્ત આહાર અલેપ હોય છે. તેઓ ગચ્છમાંથી નીકળીને માસિકી મહા પ્રતિમાને ધારણ કરે છે. તેમાં તેને ભોજન તથા પાનની એક એક દાતિ હોય છે. જ્યાં સૂર્યનો અસ્ત થાય, ત્યાંથી પછી એક પગલું પણ ભરે નહીં. જે સ્થલે તે પ્રતિમા પ્રતિપન્ન છે એવી ખબર પડી જાય ત્યાં એકજ રાત્રિ રહેછે અને ખબર ન પડી હોય તો એક દિવસ અને બે રાત્રિ રહે છે. દુષ્ટ હાથી કે બીજા પ્રાણીનો ભય હોય તોપણ તે એક ડગલું પાછા હઠતા નથી. ઈત્યાદિ ઘણા દૃઢ નિયમોને સેવતા પ્રતિમાકલ્પી આખો માસ વિચરે છે.

હે શિવભૂતિ ! પાંચમા યથાલંદકલ્પી કાલથી જુદા પડે છે. લંદનો અર્થ કાલ થાય છે, તેના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એવા ત્રણ ભેદ છે. ભીંજાએલો હાથ સુકાય એટલો કાલ તે જઘન્ય કાલ અને એક ક્રોડ પૂર્વ તે ઉત્કૃષ્ટ કાલ ગણાય છે. મધ્યમકાલના અનેક સ્થાન થાય છે. અહીં યથાલંદકલ્પીપણું ઉત્કૃષ્ટ પાંચ રાત્રિનું કહેલું છે. પાંચ રાત લગી આ કલ્પ પાળે છે, તેથીજ તે યથાલંદ કહેવાય છે. તેઓ ગચ્છમાં પણ ઉત્કૃષ્ટા પાંચજ હોય છે. યથાલંદકલ્પવાલાની મર્યાદા જિનકલ્પીના જેવીજ છે. ફક્ત સૂત્રમાં, ભિક્ષામાં અને માસ કલ્પમાં તફાવત હોય છે. ગચ્છમાં અપ્રતિબદ્ધ યથાલંદકલ્પીની મર્યાદા જિનકલ્પીના જેવી છે, ફક્ત કાલમાં વિશેષ છે કે, તેમને ઋતુવાસ પાંચ હોય છે અને ચોમાસુ હોય છે. જે યથાલંદકલ્પી ગચ્છમાં પ્રતિબદ્ધ છે, તેમને એટલો વિશેષ છે કે, જે તેમનો અવગ્રહ હોય છે, તે આચાર્યોનો પણ ગણાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ એક ઉપાશ્રયમાં પાંચ રહ્યા હોય તો ગામમાં છ વાડા કરે અને દરરોજ જુદા જુદા વાડામાં ભિક્ષા લેવા જાય છે. પ્રતિબદ્ધ અને અપ્રતિબદ્ધ એ દરેકના પાછા બે ભેદ થાય છે. જિનકલ્પી અને સ્થવિર કલ્પી. જ્યાં સુધી અર્થ શ્રુત દેશથી અસમાપ્ત હોય, ત્યાં સુધી જે ગચ્છ પ્રતિબદ્ધપણે રહે તે પ્રતિબદ્ધ જાણવા. ત્યાં લગ્ન વિગેરે ફરીને લાંબા આવતા હોય, તો તેઓ યથાલંદકલ્પને તરતજ ગ્રહણ કરી ક્ષેત્રની બાહેર રહી જે શ્રુત—શાસ્ત્રી ન લીધેલું હોય તે ગ્રહણ કરે છે. તે એવી રીતે કે ત્યાં આચાર્ય જઇને તેમને પદ આપી આવે. કારણ કે, તેઓ ક્ષેત્રમાં આવે તો એવો દોષ લાગે છે કે, તેઓ આચાર્યને ન વાંદે અને આચાર્ય તેમને વાંદે એટલે લોકમાં નિંદા થાય. જો આચાર્ય આવી શકે તેમ ન હોય તો તે યથાલંદજ વચ્ચેના નેહડામાં, પડોશમાં કે ગામની બાહેર બીજી વસતિમાં આવે તે વસતિના અપરિભોગમાં તેઓ વાંદે પણ આચાર્ય ન વાંદે. એ રીતે શ્રુત ગ્રહણ કરીને પછી તેઓ અપ્રતિબદ્ધ થઇ ઇચ્છા પ્રમાણે વિચરે છે.

તેઓ જિનકલ્પી હોય તો ગમે તેવું શરીર અસ્વસ્થ હોય તોપણ તેઓ ચિકિત્સા કરાવતા નથી. શરીરને માટે કાંઇ પણ ઉપાયો લેતા નથી. તેમજ આંખોના મલને પણ ઉતારતા નથી. જો સ્થવિરકલ્પી હોય તો, એટલો વિશેષ છે કે જે સહી શકે તેવા ન હોય તેમને ગચ્છમાં સોંપી દે છે અને પછી તે ગચ્છવાળા પ્રાસુક ઉપાયોથી તેના શરીરની સઘળી ચિકિત્સા કરે છે. વળી સ્થવિરકલ્પી હોય તો જેટલા પાત્ર રાખે તેટલા વસ્ત્ર રાખે છે અને જેઓ એમાં જિનકલ્પી હોય તેમના વસ્ત્રપાત્રમાં ભજના હોય છે.

હે શિવભુતિ ! હવે ગચ્છના પ્રમાણને માટે પણ તારે જાણવાનું છે. જઘન્યથી ત્રણ ગચ્છ અને ઉત્કૃષ્ટપણે સો ગચ્છ હોઇ શકે છે. પુરૂષના પ્રમાણમાં ઉત્કૃષ્ટા પંદર હજાર ગચ્છ હોય છે. પ્રતિપદ્યમાનના હિસાબે ઓછામાં ઓછા જઘન્યથી એક હોય અને ઉત્કૃષ્ટા સો હોય છે. પૂર્વે પ્રતિપન્ન એવા યથાલંદ મુનિઓ ઉત્કૃષ્ટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જઘન્યપણે બે ક્રોડથી નવ ક્રોડ સુધી હોય છે.

હે શિવભૂતિ, આ પ્રમાણે પાંચ પ્રકારનાં કલ્પવાલા મુનિઓ જૈન શાસનમાં કહેલા છે. તેઓ એક બીજાની નિંદા કરતા નથી અને એક બીજાના ઉત્કર્ષથી રાજી થાય છે—એવા સાધુઓ સર્વ મુનિઓમાં પ્રધાન ગણાય છે. તે ઉદ્દેશથીજ કહેલું છે કે, જે બે વસ્ત્ર રાખે, ત્રણ રાખે, એક રાખે કે વસ્ત્ર વગરજ નભાવે તે એક બીજાને દૂષે નહિં, કેમકે તે સર્વે જિનાજ્ઞાને અનુસરીનેજ વર્તેછે.

શિવભૂતિ, વલી એટલું યાદ રાખજે કે, આવા પાંચેક કલ્પીમાં જે સ્થવિરકલ્પી છે, તે નિત્ય છે, કારણ કે, એમા કલ્પમાં તૈયાર થઇને બાકીના કલ્પોને યોગ્ય થવાયછે. તેમજ તીર્થ પણ એના વડેજ ચાલે છે. આજ કાલ વર્તતા દુર્બલ સંઘેણવાલા પુરૂષોને એજ કલ્પ ઉચિત છે, માટે એ કલ્પમાં હમેસા ઉજમાલ થઇ વર્તવું જોઈએ.

આ રીતે અનેક યુક્તિઓથી આચાર્યે શિવભૂતિને સમજાવ્યો તથાપિ તેના હૃદયમાં એ બોધ ઉતર્યો નહી. તેણે અભિમાનથી આ પ્રમાણે ઉત્તર આપ્યો, આચાર્ય, તમે પણ મંદ સત્વવાલા અને સુખમાં લંપટ થઇ તેવો ઊદ્યમ કરતા નથી, તો હું તો સામર્થ્યવાન્ છતાં શા માટે પ્રમાદી થાઉં? આ પ્રમાણે કહી શિવભૂતિ. પોતાના ગુરૂથી જુદો પડી ગયો. ગુરૂએ ઘણાએક વચનો કહીતેને અટકાવ્યો તે છતાં સ્વતંત્રપણાથી આકર્ષાએલા શિવભૂતિએ તેમની વાત માની નહીં અને તત્કાલ વસ્ત્રનો ત્યાગ કરી નગ્ન થઇ છુટો પડી ચાલી નીકળ્યો.

શિવભૂતિને ઊત્તરા નામે એક બ્હેન હતી. તે પોતાના ભાઇના સ્નેહથી તેની પાછળ દીક્ષિત થઇ હતી, તે પોતાના ભાઇને નગ્ન પણે જતો જોઇ, વિચારવા લાગી કે, આ મારો બાઇ શિવભૂતિ વિચક્ષણ છે, તેણે જરૂર આ પ્રકારે પરલોક સુધારવાનો ઉપાય દીઠો લાગેછે, માટે આવું વિચારી ઊત્તરા સાધ્વી પણ નગ્ન થઇ;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાના બંધુની પાછળ ચાલી નીકલી.

ઊત્તરાને નગ્ન જોઇ લોકો શરમાવા લગયા. અને તેની ઘણીજ નિંદા થવા લાગી. એક વખતે ઊત્તરા નગ્ન થઇ રસ્તે જતી હતી તે વખતે કોઇ વેશ્યા ત્યાંથી નીકલતી હતી. વેશ્યાને તેને જોતાંજ લજ્જા આવી ગઇ, પછી તેણીએ ઊત્તરાની ઉપર સાડી નાંખી, ઊત્તરાએ તે સાડીની ઇચ્છા કરી નહીં પણ તે સાડી લઇને શિવભૂતિની પાસે આવી. શિવભૂતિએ વિચાર્યું કે, આમ સાધ્વી નગ્ન રહે તે લજ્જા કરેછે, માટે તેણીએ તો વસ્ત્ર રાખવાની જરૂર છે. આવું વિચારી શિવભૂતિ બોલ્યો–સાધ્વી, આ તમારા ઉપર જે સાડી પડી છે, તે દેવતાએ આપી છે, માટે તેનો ત્યાગ કરવો ન જોઇએ, શિવભુતિના આવા વચનથી ઉત્તરા સાધ્વીએ તે સાડી અંગીકાર કરી, ત્યારથી તેની આર્યાઓ એક સાડીવાલી થયેલ છે.

મોહથી અંધ થયેલા શિવભુતિએ ગુરૂથી જુદા પડી અનેક જાતનાં કષ્ટરૂપ અનુષ્ટાન આચરવા માંડ્યાં. એમ કરતાં તે મિથ્યા દૃષ્ટિ થઇ ગયો, છેવટે દુર્ગતિનો પાત્ર થઇ આ સંસારની પરંપરાનો ભોક્તા થયો. શિવભૂતિ અને ઊત્તરાએ પ્રરૂપેલું મિથ્યા દર્શન રથવીર પુરમાં પેહેલવેલુંજ ઉત્પન્ન થયું અને ત્યાર પછી બીજે સ્થાને પ્રવર્ત્તવા માંડયું.

શિવભૂતિની જેમ કોઇ સાધુએ પ્રવર્ત્તવું ન જોઇએ. ગુરૂની આજ્ઞામાં વર્તી મિથ્યાત્વથી દૂર રહેવું જોઈએ–એજ આ વાર્ત્તાનો સારરૂપ ઉપદેશ છે.

---

# શ્રદ્ધા.

દરેક ભવ્ય જીવ એટલું તો સમજે છે કે, કોઇ પણ વાત શ્રદ્ધા રાખ્યા વિના સફલ થતી નથી. એ શ્રદ્ધા આત્માનો સર્વોત્તમ ગુણ છે. શ્રદ્ધાનો શબ્દાર્થ આસ્તા–બુદ્ધિ એવો થાય છે. એટલે આસ્તિકતાનો શ્રદ્ધા એક મોટામાં મોટો ગુણ છે. પોતાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મ શક્તિનો યથાર્થ નિયોગ કરતાં પૂર્વે પોતાની આત્મ શક્તિના સામર્થ્ય ઉપર શ્રદ્ધા હોવી આવશ્યક છે. એથી મુખ્ય વાત એમજ છે કે દરેક મનુષ્યે શ્રદ્ધા ઉત્પન્ન કરવી. શ્રદ્ધા શી રીતે ઉત્પન્ન કરવી ? તેને માટે બુદ્ધિનો સંબંધ છે. કારણ કે, તર્ક, શંકા વિગેરે જે શ્રદ્ધાના વિરોધી છે, તે બુદ્ધિમાં ઉત્પન્ન થાય છે. એ બુદ્ધિને અમુક નિશ્ચય ઉપર દૃઢ કરવાથી શ્રદ્ધાનું પવિત્ર બીજ રોપાય છે. જ્યારે શ્રદ્ધાનું બીજ દૃઢતાથી રોપાયું, ત્યાર પછી તે બુદ્ધિને કુતર્ક કે બીજા કોઇ દોષ કલંકિત કરી શકતા નથી; એટલે બુદ્ધિ તદન નિર્મલ થાય છે. જ્યારે બુદ્ધિ નિર્મલ થઇ એટલે હ્રદયના ગુહ્ય પ્રદેશમાં શ્રદ્ધાનું સ્વરૂપ સારી રીતે બંધાય છે. જ્યારે પરમતત્વ સુધી પોહોચાડનારી શ્રદ્ધા હ્રદયના પવિત્ર ભાગમાં સ્થાપિત થાય છે, એટલે મનુષ્ય તત્ત્વદર્શનની પાસે આવે છે.

આવી ઉત્તમ શ્રદ્ધા દરેક ભવ્ય પ્રાણીએ સંપાદન કરવાની જરૂર છે. શ્રદ્ધા વિના મનુષ્ય કદાપિ પણ કર્ત્તવ્ય પરાયણ થતું નથી, અને આર્હત સિદ્ધાંતનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરી શકતું નથી. કોઇ પણ વાતનો પ્રત્યક્ષ અનુભવ થવો, એટલે કે પોતાના આચાર વિચાર સર્વમાં તેની તે વાતનો મુખ્ય રંગ લાગેલો રહેવો, એમ થવાને માટે બુદ્ધિના વિકાશની અપેક્ષા હોય તે કરતાં શ્રદ્ધાના પરિપાકની બહુ આવશ્યકતા છે. કારણ કે, શ્રદ્ધા વિના સાંસારિક કે ધાર્મિક કાંઇ કાર્ય સંભવતું નથી; બુદ્ધિથી વિચાર થાય છે, પણ કાર્ય તો શ્રદ્ધાથીજ નીપજે છે. એટલા માટે પોતાનામા જે કાંઇ કર્ત્તવ્ય કરવાનું છે તેની શ્રદ્ધા પ્રથમ હોવી જોઇએ. તે ઉપરાંત પોતાનામાં શું કરવાનું સામર્થ્ય છે? તે જણાવનાર શાસ્ત્રી છે અને શાસ્ત્રી તે સત્ય રીતે પ્રરૂપણા કરનાર આચાર્ય અથવા ગુરૂ છે. તેથી તેના ઉપર પણ શ્રદ્ધા હોવી જોઇએ. શ્રદ્ધા વિના તે શાસ્ત્ર અને ગુરૂનાં વચનો પણ અનુપયોગી થઇ પડે છે. આગમવેત્તા મહાન્ પુરૂષોએ પોતાના જ્ઞાનના બલથી, અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલના અનુભવથી બુદ્ધિ બલે નિશ્ચય કરીને જે સિદ્ધાંતો પ્રરૂપ્યાંછે તે શાસ્ત્રી કહેવાય છે. તે આપણે સર્વ રીતે માન્ય છે, આવી શ્રદ્ધા રાખવાથી તે આગમના પવિત્ર વચનો આપણી મનોવૃત્તિ પર સારી અસર કરેછે અને તે અસરના બલથી આપણી બુદ્ધિનો વિકાસ થતાં તે તત્વ દર્શનમાં અત્યંત ઊપયોગી થઇ પડેછે. કેટલાએક શ્રદ્ધા રહિત પુરૂષો ઘણી વખત એમ કહેછે, કે, બુદ્ધિથી પરીક્ષા કરી જોયાં વિના શાસ્ત્રની ઉપર શ્રદ્ધા કરવામાં કાંઇ સાર નથી, આ તેમનું કહેવું શ્રદ્ધાના મોટા અભાવને સૂચવેછે. કારણકે, પ્રત્યેક મનુષ્ય પ્રત્યેક વાતની પરીક્ષા પોતાની જાતે કરી જોયા પછીજ શ્રદ્ધા કરે એવો વિશ્વક્રમ હોત તો આપણું જ્ઞાન બાલકોના કરતાં પણ ન્યૂન રહ્યું હોત. મનુષ્ય વર્ગે પોતાની અધમ સ્થિતિમાંથી બાહેર આવવાનો અવકાશ અદ્યાપિ પણ પ્રાપ્ત કર્યો ન હોત. મહા પુરૂષોના અનુભવ અને જીવનના પ્રસંગોનો જે સંગ્રહ તે તે દેશકાલના પ્રતિબિંબ રૂપે, યોજાયો હોયછે, તેજ ઇતિહાસ કહેવાય છે. એ ઇતિહાસ તેજ સમગ્ર મનુષ્ય વર્ગને પોતાનું ભવિષ્ય યોજવામાં ઊપયોગી પ્રકાશ આપી શકેછે. એના ઊપર અશ્રદ્ધા કરનાર કાંઇ પણ કરી શકતો નથી, માત્ર અજ્ઞાન અને શંકામાંજ પોતાના જીવિતને વ્યર્થ ગુમાવી નાંખેછે. શ્રદ્ધાના પવિત્ર બીજને બુદ્ધિ આપવા માટેજ જૈન મહાપુરૂષોએ આગમમાં મુખ્ય રીતે પ્રરૂપ્યું છે કે, "દરેક જને શંકા–કાંક્ષા વિગેરે દોષોથી દૂર રહેવું. એ સર્વ દોષમાં શંકાને પ્રથમ પદ આપવાનું કારણ પણ એટલુંજ છે કે, શંકા શ્રદ્ધા જેવા ઉત્તમ ગુણ નેમલિન કરી છેવટે તેનો નાશ કરેછે. આપણી બુદ્ધિના ગમે તેટલા વિલાસો પ્રગટ કરો, પણ તેનો ઉપયોગ શ્રદ્ધામાંજ સાર્થક થવાનો છે, એટલે બુદ્ધિના ગમે તેટલા વિલાસોથી પણ પ્રાપ્ત કરવાની તે તો શ્રદ્ધાજછે; કારણકે, શ્રદ્ધા વિના એકલો બુદ્ધિએ કરેલો નિશ્ચય આર્હત ધર્મના આચાર વિચારને કશી અસર કરી શકતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે એવો નિશ્ચય થયો કે, પ્રાચીન આચાર્યના રચેલા આગમો જેઓ આર્હતવાણીથી ઊતરેલા છે, તેનો એજ ઊપયોગ છે કે, પ્રથમ તેમના ઊપર શ્રદ્ધા કરવી અને પછી બુદ્ધિનો જેમ જેમ તેમાં પ્રવેશ થઇ શકે તેમ તેમ તે શ્રદ્ધાને બુદ્ધિનું સબલ સમર્થન આપતા જવું. કેટલાએક શંકાશીલ પુરૂષો એમ કહેછે કે, બુદ્ધિમાં ઊતરે તોજ શ્રદ્ધા કરવી, એ આગ્રહ તેની શુદ્ધ આસ્તાના બલને બહુજ હાનિકારક છે. બાલકને જ્યારે આંક શીખવવામાં આવેછે, જેમકે, 'છ ચોક ચોવીશ' એવું વચન કેવલ શિક્ષક– ગુરૂના ઊપર શ્રદ્ધા કરીને, જ્ઞાન રૂપે માનીને, બાલક વહેલાં ગોખેછે. અને તેને પોતાની મુગ્ધ બુદ્ધિમાં સ્થાપેછે; પણ ૬ × ૪ = ૨૪ એ બુદ્ધિનો વ્યાપાર તો પછી કેટલીક મુદ્દતે જાણી શકેછે. અને ત્યારે તે ગોખેલા વચન ઉપરની શ્રદ્ધાને પોતે દ્રઢ કરી લેછે. પણ જ્યારે બાળકને વચનથી છચોક ચોવીશ એમ કહેવામાં આવે ત્યારે જો તે બાળક બુદ્ધિને શંકિત કરી એમ માને કે, આ ગુરૂનું વચન કેમ મનાય ? છ ચોક ચોવીશ એવું વચનશી રીતે સાચુ માનવું ? આવો વિચાર કરનાર બાળકમાં શ્રદ્ધા થતીજ નથી. પણ એ વયમાં એ વિચારજ આવતો નથી. આ પ્રમાણે આપણા ઘણાં જ્ઞાન સંબંધે એનો એજ પ્રકાર નીપજે છે, માટે પ્રત્યેક વ્યક્તિએ જાણવાનું છે કે, શ્રદ્ધા કરવામાંથીજ જ્ઞાનનો આરંભ છે, અને બુદ્ધિને વિકસિત કરવાનોઅવકાશ પણ શ્રદ્ધા થયા પછીજ આવી શકેછે. માટે દરેક ભવ્ય આત્માએ શંકાદિ દોષ છોડી વસ્તુ સ્વરૂપની વિવેચના કરવાનો માર્ગ લેવા યોગ્ય છે, જે માર્ગથી આપણા મહાન પુરૂષોએ જ્ઞાનથી અને આચાર્યોએ મહાન પુરૂષોએ પ્રરૂપિત કરેલા આગમથી જે વસ્તુ સ્વરૂપનો અનુભવ પ્રાપ્ત કર્યોછે, તેમના પ્રરૂપેલા શાસ્ત્રીય માર્ગ ઊપર આપણે શ્રદ્ધા રાખવી આવશ્યક છે. તેમજ વીતરાગ પ્રરૂપિત આગમ અને તે આગમને ઊત્સૂત્ર પણે પ્રરૂપણા નહીં કરનારા યથાર્થવાદી ગુરૂ તેમના વચનોનેસત્ય માના તે ઊપર સત્યપણાની શ્રદ્ધા રાખી, તેમનોઅનુભવ કરવા યત્નવાન્ થવું, એ શ્રદ્ધાનું પ્રથમ કર્તવ્યછે. પ્રથમ બુદ્ધિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાપાર વિના કરેલી કેવલ શ્રદ્ધા પરિણામે બુદ્ધિ પૂર્વક થઇ જાયછે, અને બુદ્ધિથી પણ પ્રાપ્ત કરવાની જે શ્રદ્ધા તે આરંભથી કેળવાઇને છેવટે એવી ગાઢ અને વિશાલ થાય છે કે તેથી આર્હત તત્ત્વ જ્ઞાનનો મહાન્ મહિમા પ્રત્યક્ષ જણાયા વિના રહેતો નથી.

આવી મહાન્ શ્રદ્ધા સાથે એક બીજા ગુણની અપેક્ષા રહેલી છે. તે ગુણ વિવેકના નામથી ઓળખાયછે. વિવેક વિના એકલી શ્રદ્ધા અંધગણાયછે. એવી અંધ શ્રદ્ધા વખતે મુગ્ધ હૃદયના મનુષ્યને મિથ્યાત્વના મલિન માર્ગમાં પણ દોરી જાયછે. વળી એવી અંધ શ્રદ્ધાના યોગથી ઘણાએ પામર જનો મિથ્યાત્વના ભોગ થઇ પડ્યાછે.

દેવ કેવા હોય? ગુરૂ કોને માનવા? અને ધર્મ શાને કહેવો? એ વિષે પણ વિવેકની અપેક્ષાછે. એ ત્રણ તત્ત્વો ઉપર વિવેક પૂર્વક વિચાર કર્યા પછી શ્રદ્ધાને અવકાશ આપવો જોઇએ. જેનામાં કોઈ જાતનાં દૂષણો ન હોય અને જેઓએ નિષ્પક્ષપાતથી જ્ઞાનાનુભવના ઉદ્ગાર વડે આગમની પ્રરૂપણા કરેલી છે, તેજ ખરેખરા દેવ કહેવાય છે, તે દેવનાં વચનોને ત્રિકરણ શુદ્ધિથી અનુસરી વર્ત્તનાર શુદ્ધ વર્ત્તનવાળા ગુરૂ કહેવાયછે અને ઉપર કહેલા શુદ્ધ દેવે પોતાની વાણીમાં પ્રરૂપિત કરેલ જે કર્ત્તવ્ય સંગ્રહ—એ ધર્મ કહેવાય છે—એમ બરાબર. વિવેક પૂર્વક સમજી પછી તેમની ઉપર શ્રદ્ધા સ્થાપિત કરવી જોઇએ. જ્યારે વિવેક પૂર્વક શ્રદ્ધાનું સ્થાપન થયું એટલે પછી તેમાં બુદ્ધિનો પ્રયોગ કરી જોવાની આવશ્યકતા નથી. શ્રદ્ધા કરવામાં ઘણીવાર કોઇ વિષય બુદ્ધિથી ગ્રાહ્ય ન થાય ત્યારે આપણને એમ ભાસેછે કે, વગર વિચારે શ્રદ્ધા થાયછે, પણ તેમ હોતું નથી. આપણે આપણા પૂર્વ પુણ્યના પ્રભાવથી, હૃદયમાં રહેલી ગુપ્ત ભવ્યતાથી, વર્ત્તમાન કાલની ધાર્મિક કેળવણીથી, પ્રસંગોથી અને સાંસારિક સુખ દુઃખના અનુભવોથી અમુક પ્રકારની કોઇ માનસિક સ્થિતિમાં આવ્યા હોઇએ છીએ કે જેથી કોઇ અમુક મુનિ મહારાજાનો અથવા કોઈ શુદ્ધ વ્રત ધારી શ્રાવકનો ઉપદેશ તુરતજ આપણા હૃદયને રૂચિકર થઇ જાયછે અને આપણને તેના ઉપર શ્રદ્ધા થઈ જતાં, આપણી પોતાની ગુપ્ત રહેલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભવ્યતાને બળે તે વચન અને તે ઉપદેશાનુસાર પ્રવર્ત્તન કરવાની મનોવૃત્તિ થઇ આવે છે. આ બાબત મનન કરતાં એમ પણ જણાય છે કે, એ મનોવૃત્તિને પ્રેરનાર જેવી શ્રદ્ધા છે, તેવી ભવ્યતા પણ છે. ભવ્યતાને લઇને પ્રાણી ધાર્મિક વૃત્તિમાં જોડાયછે; એટલે શ્રદ્ધા ભવ્યતાની સહચારિણી થાયછે. તેથી કરીને જ્યાં ભવ્યતા ત્યાં શ્રદ્ધા અને જ્યાં શ્રદ્ધા ત્યાં ભવ્યતા— એમ પરસ્પર તેમનો સહચારી યોગ થયા કરેછે.

આ શ્રદ્ધા વિવેક અને ભવ્યતા–એ બે ગુણોનો સહચાર સારી રીતે સંપાદન કરિ પરિપૂર્ણતાને પામેછે એ વાત સ્પષ્ટ કરવામાં આવી પણ તેમાં એક બીજી વાત પણ અવશ્ય જાણવાની છે. શ્રદ્ધાની ઉત્પત્તિમાં કાળની પણ અપેક્ષા છે. જે કાળે જે શાસ્ત્રો અને વચનો શ્રવણ માત્રથીજ શ્રદ્ધા ઉપજાવી શકતાં હતાં, તે અન્ય કાળે, અનેક પ્રયત્ન કરતાં છતાં પણ શ્રદ્ધા ઊપજાવી શકતાં નથી. તે કાળના પ્રવાહમાંજ અરૂચિકર થઇ તણાઇ જાયછે; જ્યારે સમયને અનુકૂળ એવી કોઇ નવી કુંચી એના એ શાસ્ત્રો અને વચનોમાંથી જડે છે, ત્યારે પુનઃ તે શ્રદ્ધાને પાત્ર થાયછે. આમાં પણ શાસ્ત્ર તેનાં તે છતાં તેના ઊપર શ્રદ્ધા કરનારના માનસિક અધિકારને અનુસારે શ્રદ્ધા થવા ન થવાનું થાયછે એ સ્પષ્ટ જણાયછે. અર્થાત્ આપણે જ્યાં કેટલાકને બુદ્ધિ વિના શ્રદ્ધા કરતાં જોઇએ છીએ ત્યાં પણ તે તેમના અધિકારથી એ શ્રદ્ધા માટે તત્પર હોઇનેજ શ્રદ્ધા પામ્યાંછે, એ વાત નિર્વિવાદ છે.

જૈન ઇતિહાસમાં કાળની અપેક્ષાવાળી શ્રદ્ધાનાં અનેક દૃષ્ટાંતો આવે છે. અનેક મહાન્ પુરૂષો આકાશમાં પ્રગટ થઇ વિનષ્ટ થઇ જતા વાદળાથી, દર્પણમાં મુખાકૃતિના અવલોકનથી, સુંદર બાગની રૂતુજનિત શોભા અને અશોભાના દેખાવથી અને પૂર્વ કાળના વૃત્તાંતોથી તેમના હૃદયમાં શ્રદ્ધાના બીજ પ્રાદુર્ભૂત થયાછે, એ ઉપરથી શ્રદ્ધામાં કાળની અપેક્ષા કેટલી બધીછે? તે આપણી મનોવૃત્તિમાં સિદ્ધ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જયાં શ્રદ્ધા થાય ત્યાં કરવી, અને પછી બુદ્ધિનો ઉપયોગ કરતે કરતે, શ્રદ્ધાના વિષયને વિસ્તારતા જવો એ ક્રમ અધિકારને અનુસરીને રહેલો છે. જેવો અધિકાર તેવી શ્રદ્ધા થાય તે કરવી. શ્રદ્ધાથી જે આચાર કે વિચાર ઉદ્‌ભવે તે ઉપર બુદ્ધિથી વિવેચન કરી જોતાં, તેમાં જો આપણને નિર્દોષતા જોવામાં આવે તો તેનો અંગીકાર કરવો. નહીંતો તેનો ત્યાગ કરવો. કેવલ અંધ શ્રદ્ધાથી સદોષ આચાર વિચારમાં પ્રવર્ત્તવું નહીં. આપણી બુદ્ધિમાં કોઇ આચાર કે વિચાર શુદ્ધ લાગતો હોય તો તે ઉપર શ્રદ્ધાના વિષયને વિસ્તારતે વિસ્તારતે આર્હુત સિદ્ધાંતના તત્ત્વજ્ઞાન પર્યંત લાવવો. આ પ્રકારે શ્રદ્ધાનો અભ્યાસ કરનાર સમકિત ધારી મુમુક્ષુ ગમે ત્યાંથી આરંભ કરે, પોતાના અધિકારને અનુસારે ગમે તે ઉપર શ્રદ્ધા કરે, તો પણ તેની શ્રદ્ધાનો પૂર્ણ વિપાક અને વિરામ સ્યાદ્વાદ સિદ્ધાંતમાં થાય, એમાં જરા પણ સંશય નથી. ગમે તે માર્ગે, ગમે તે સ્થાને, સમ્યકત્ત્વ ધર્મનો બાધ ન આવે તેવી રીતે શ્રદ્ધાળુ થવું એજ આવશ્યક છે. શ્રદ્ધા વગરનો માણસ કાંઇ પણ કરી શકતો નથી, તેનાં બે કારણ છે. એક તો તેને આગમ અને ગુરૂ ઉપર શ્રદ્ધા નથી, બીજું તેને પોતાના શુદ્ધ કર્ત્તવ્ય ઉપર શ્રદ્ધા નથી. અજ્ઞાની પ્રાણી તો 'શું કરવું' તેજ જાણતો નથી અને એવાજ અજ્ઞાનમાં વિનાશ પામી જાયછે અને જે જાણવા છતાં શ્રદ્ધા કરતો નથી તે તો દીવો લઇને કુવામાં પડી વિનાશ પામે છે. અજ્ઞાનીની વૃત્તિ બુદ્ધિથી ઉપજે છે, પણ જો તેમાં શ્રદ્ધા ન હોય તો તે વિનષ્ટ થઇ જાયછે.

આ ઉપરથી આપણે જાણવું જોઇએ કે, શ્રદ્ધા એ કેવો મહાન્ ગુણ છે. જયાં એ ગુણ જાજવલ્યમાન નથી ત્યાં ધાર્મિક વૃત્તિ અને તેના દિવ્ય ગુણો ઘણે દૂર રહેલા છે, એમ સમજવું. વળી આપણા મહોપકારી મહાશયોએ આગમમાં પોકારીને કહેલું છે કે, **"અશ્રદ્ધા અને અભિમાન એ વિનાશ અને વિપત્તિનાંજ નિદાન છે."** આજ કાલ આપણા કેટલાએક જૈન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યુવકોમાં પાશ્ચાત્ય શિક્ષણથી અશ્રદ્ધાના બીજ રોપાય છે. અને તેને લીધે તેઓ ધર્મની કેટલીએક ક્રિયાને વ્હેમ રૂપ ગણીકાઢી તે તરફ અનાદર બતાવતા જાયછે, તેઓએ આ શ્રદ્ધાનો વિષય વાંચવાની જરૂર છે. તેમણે જાણવું જોઇએ કે, આખા વિશ્વના દરેક ધર્મના ઇતિહાસમાં અશ્રદ્ધા અને નાસ્તિકતાએ આર્ય ધર્મનો બહુ વિનાશ કરેલો છે અને તેના અનેક અનુચિત દૃષ્ટાંતો તેમને બહુ સહેલેથી જડી આવશે. માટે તેઓને અને બીજાઓને સવિનય વિનંતિ છે કે, (તેમના હૃદયમાં આવશ્યક) શ્રદ્ધા એજ કર્ત્તવ્ય માત્રનું રહસ્યછે અને શ્રેયઃસાધક આર્હત જનને શ્રદ્ધા સમાન ઉપયોગી બીજી કોઇ વાત નથી. આગમ તથા તેને સત્ય રીતે પ્રરૂપનાર ગુરૂ આદિથી પોતાના અધિકારાનુસાર સત્યનું ગ્રહણ થતાં તે સત્યને પોતાના આચાર વિચારમાં પ્રતીત કરવાની જે પોતાના ધારણીય શ્રદ્ધા, એજ ખરેખરી શ્રદ્ધા છે, અને તેનાથીજ આર્હત ધર્મના ઉદયનો સન્માર્ગ સંપાદિત થાયછે. તેને માટે એક મહાત્મા નીચેનું પદ્ય ઉપદેશેછે.

धर्मकल्पद्रुमं भ्रातः श्रद्धामय सुवारिणा ॥
सिंचं सिंचं सदाकालं लभस्व शिवसत्फलं ॥ १ ॥

"હે ભ્રાતા ધર્મ રૂપી કલ્પવૃક્ષને શ્રદ્ધા રૂપ સુંદર જલથી સદાકાળ સિંચન કરી મોક્ષ રૂપ ઉત્તમ ફળને પ્રાપ્ત કર્ય." ૧

## પાંચમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ
અને
## તેના નિયમ સૂત્રો.

સર્વને વિદિત છે કે, જનસમાજના કર્ત્તવ્યનું મહા તેજ ઉત્સાહથી એકત્ર થયેલા જનસમાજમાંજ થાયછે. વ્યષ્ટિ કરતાં સમષ્ટિ પ્રજાનું બલ અલૌકિક છે. જનસમુદાયની ધર્મ લક્ષ્મી અને કર્ત્તવ્ય લક્ષ્મીનો પ્રત્યક્ષ અનુભવ કરવો હોયતો—સોત્સાહ હૃદયવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક જનના સમવાયથી તે સારીરીતે થઇ શકે છે. એ અનુભવ પૃથક્ જનના દર્શનથી થતો નથી પણ સાધર્મિ બંધુત્વની ભાવના ધારણ કરનારા સમસ્ત જનના પ્રતિનિધિઓના સમવાયના દર્શનથી થાય છે.

આ ઉત્તમ અનુભવ કરવાનો સમય આજે પાંચ વર્ષ થયા જૈન પ્રજાએ મેળવવા માંડયો છે. વિવિધ સ્થલે જૈનની સમષ્ટિ ભાવના જાગ્રત થઇ અનુભવનું દર્શન સારી રીતે કરાવે છે. જૈનોએ આ વિશાળ ભરત ક્ષેત્રમાં જે ધર્મ તેજ અને વ્યવહાર તેજ ધારણ કરેલું છે, તેની ઉપર કેટલું અંધકાર પડયું છે, તેની ગવેષણા કરવાને અર્વાચિન કાલમાં થોડા વખતથીજ જે જૈનોએ ઉત્તમ પ્રયત્ન આદર્યો છે. આ નવો ફેરફાર દર્શાવનાર પ્રતિનિધિરૂપ જૈનવર્ગની સમષ્ટિ મૂર્त्तિનું દર્શન કરવાનો પ્રસંગ વર્ષમાં એકજવાર યોજાય છે; અને તેજ વેલા ભારતવર્ષની જૈન. પ્રજાનું તેજ તથા તેની ધાર્મિક અને સાંસારિક લક્ષ્મી યથાર્થ ગોચરતામાં આવે છે. એ તેમની ધાર્મિક અને સાંસારિક લક્ષ્મીનું તેજ તે સંઘના પ્રતિનિધિઓના શરીરની કાંતિ નથી, કે તેમના વ્યાપારમાં રહેલી ધન સંપત્તિ નથી, પણ જૈનપણું સિદ્ધ કરવાથી પ્રગટ થતો મહિમા તેજ તેની શોભાસ્પદ લક્ષ્મી છે. જૈનોના જૈનત્વની ભાવના આ આર્ય દેશમાં સમષ્ટિ અને વ્યષ્ટિ રૂપે પૂરેપૂરા વિસ્તારથી વ્યાપી રહે અને જૈન પ્રજામાં પ્રવર્त्तતા ધર્મ વિરૂદ્ધ તથા લોક વિરૂદ્ધ હાનિકારક આચારોનો તદન નાશ થઇ જાય, અને પોતાની પ્રાચિન ધાર્મિક અને સાંસારિક સ્થિતિ થોડે ઘણે અંશે પુનરૂજ્જીવન થઇ શકે ત્યારેજ એ તેજ અને એ લક્ષ્મીનો સંપૂર્ણ ઉલ્લાસ થાયછે.

જૈન પ્રજા પોતાનો સારો ઉદ્ધાર અને સામર્થ્ય પામી દેશમાં વિદ્યા, કળા અને વ્યાપારમાં સર્વોત્કૃષ્ઠ થઇ શકશે અને સાધર્મિ બંધુઓના સમાજના હિતને પોતાના કર્त्तવ્યનું લક્ષ્ય કરી શકશે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તેમની સર્વ પ્રકારની લક્ષ્મી સર્વું પ્રકારના શુભ ચિન્હોને ધારણ કરશે, પરંતુ એ પ્રભાતના ઊદયની રેખાઓ જૈન પ્રજાના આ સમવાયમાં ઝાંખી ઝાંખી દેખાયછે, તેની કોણ ના પાડી શકશે? આ ભારત વર્ષના વિશાલ ક્ષેત્રમાંથી વિવિધ પ્રાંતવાસી જૈનો દૂર દૂરની ભૂમિઓમાંથી નીકળી આવી પોતાની જુદી જુદી જ્ઞાતિ, જુદા ગચ્છ અને જુદા જુદા કુળાચાર—એ સર્વનો ભેદ ભુલી જઇ, પોતાની જ્ઞાતિના જૂના કલહો છોડી દઇ "અમે સર્વ જૈન પ્રજા એક છીએ ઐક્યમાં અમારૂં હિત બંધાયેલું છે, અમે એકત્ર થઇ અમે અમારી ધાર્મિક તથા સાંસારિક સ્થિતિના હિતની ઊદ્ઘોષણા કરીશું, અને એકત્વના બલથી અમે આખા વિશ્વના એક તીર્થ રૂપ સંઘના સર્વ કાર્યોની સિદ્ધિ કરવાના પ્રયાસો કરીશું" એવી ભાવના પ્રગટ કરે—એ ભાવનામાં રહેલો આશા ભંડાર કોની નજરે નહીં પડે?

આવી રીતે અનેક પ્રકારના કાર્યને સાધવાનું સામર્થ્ય ધરાવનારી જૈન કોન્ફરન્સ આ વખતે ગુજરાતની રાજધની રાજાનગરમાં એકત્ર થાય છે. આ વખતની તેમની બેઠક સર્વોત્કૃષ્ટ થવાનો પૂરેપૂરો સંભવ છે. અમદાવાદ એ ગુર્જર દેશનું રાજનગર છે. વલી ધનાઢ્ય જૈનગૃહસ્થોનું પુરાણું વાસ સ્થાન છે, તે સાથે જૈનમંદિરોની અને સાધુ સાધ્વીઓના નિવાસ સ્થાનોની જાહોજલાલી તે સ્થલે મૂર્તિમાન્ દેખાય છે. તેથી તે એક મોટું યાત્રાનું સ્થલ હોવાથી તે તરફ આવવાને જૈન ગૃહસ્થોનાં મન વધારે આકર્ષાય એ સ્વાભાવિક છે; તેથી આ વખતની જૈન કોન્ફરન્સનો દેખાવ ઘણો આકર્ષક થશે એવું અનુમાન કરી શકાય છે.

આ પાંચમી કોન્ફરન્સમાં જે જે ઠરાવો પ્રસાર થવાના છે, તે વાત અષ્ટાન્હિક પત્રોથી પ્રસિદ્ધ થઇ ચુકી છે; એટલે તે સર્વ જૈન બંધુઓના જાણવામાં આવેલું હશે. આ વખતના કોન્ફરન્સનાં નિયમ સૂત્રો જે બાહેર પડેલા છે, તે માંહેલાં ઘણાં સૂત્રોનું તો વારંવાર પુનરાવર્તનજ થયા કરે છે. અને જ્યાંસુધી તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિયમો સ્થાનિક જૈનવર્ગમાં પ્રસાર પામ્યા ન હોય ત્યાંસુધી તેનું પુનરાવર્તન થવું યોગ્ય છે, પણ તેને માટે ખાસ એટલુંજ કહેવાનું છે કે જ્યાંસુધી કોન્ફરન્સની અસર સ્થાનિક વર્ગ ઉપર થશે નહીં ત્યાંસુધી એ નિયમ સૂત્રોનું આવર્તન વારંવાર કરવું પડશે અને છેવટે એ આવર્તનનો ઉપયોગ નિષ્ફળ થયા વગર રહેશે નહીં. કારણ કે, દરવર્ષે કોન્ફરન્સ પોતાના તેના તે નિયમોનું આવર્તન કર્યા કરશે અને જો તેને અમલમાં લાવવાની કોશેશ નહીં થાય તો પછી બીજાઓની દૃષ્ટિ આગળ તે નિયમોનું ગૌરવ રહેશે નહીં.

આ વર્ષે કોન્ફરન્સના ત્રીજા નિયમના સૂત્રની અંદર કેળવણીને માટે જે યોજના ઘડીછે, તે જો કે આવર્તન રૂપેછે, તો પણ તે સારી યોજના છે, એમ તો અમારે કહેવું પડશે. તે નિયમ સૂત્રના છઠા ભાગમાં જૈન ધર્મની ક્રમવાર વાંચન માળા તૈયાર કરાવવાની જે સૂચના આપેલી છે, તે સૂચનાનું આવર્ત્તન ઘણી વાર થયા કરેછે, તો પણ તે કાર્ય ફલોન્મુખ કરવાની કાંઈ પણ હિલચાલ હજુ સુધી પૂર્ણ થઈ નથી, એ મોટા આશ્ચર્યની વાત છે. બીજા નિયમો પાળવા અને પળાવવા એ પરાધિનતાની વાત છે, કારણ કે, કદિ સમાજે નિયમ ઘડી પ્રસાર કરવાની ઘોષણા કરી પણ તે નિયમ પ્રમાણે વર્ત્તવાની વાત લોકોની પોતાની મરજી ઉપર છે, તેથી તે કાર્ય પરાધીનતામાં રહેલું ગણાય છે, પણ જે કાર્ય કરવામાં કોન્સફરસ્સ પોતે સ્વતંત્ર છે.. તે કાર્ય શા માટે નથી શકતું, એ અદ્ભુત વાર્તા છે, જૈન ધર્મની ક્રમવાર વાંચનમાળા તૈયાર કરાવવી—એ કોન્સફરન્સનું સ્વતંત્ર કર્તવ્ય હોવા છતાં, અદ્યાપિ કોન્સફરન્સ તે નિયમ સુત્રના એક ભાગનું આવર્ત્તન કર્યા કરે છે, એ કેટલો પ્રમાદ ?

કદિ ધારો કે, તે કાર્ય પાર પાડવાની બીજી સામગ્રી પુરતી ન હોય તો પછી કોન્સફરન્સ શું કરી શકે—તેને માટે અમારે એટલુંજ કહેવાનું છે કે, તેવી સામગ્રી સંપાદન કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણીં દ્રવ્યને આધીન છે, દ્રવ્યથી કોઇ કામ ન બને, એ વાત તદન અસંભવિત છે. કારણ કે, સતત્ પ્રયાસ અને ખંત હોય તો દરેક કાર્ય સાધ્ય થઇ શકે છે. આ પ્રસંગે અમારે જણાવવું જોઇએ કે, માંગરોળ નિવાસી અને મુંબઇના પ્રતિષ્ઠિત શ્રાવક ગૃહસ્થ મી. અમરચંદ તલકચંદ તરફથી તે કાર્યને માટે મોટો પ્રયાસ ચાલે છે, પણ તે કાર્યની યોજના વિવિધ મતિના વિદ્વાનોને સોંપવાથી અને તેમની પોતાની શારીરિક સ્થિતિ સારી ન રહેવાથી, તે કાર્ય અદ્યાપિ પ્રકાશમાં આવ્યું નથી તે છતાં જે ઉત્સાહથી તેઓ તે કાર્યમાં મચ્યા રહે છે, તે ઉત્સાહ જો તેવો ને તેવો ચાલતો રહેશે તો આખરે તે ઉત્સાહી ગૃહસ્થ પોતાના કાર્યની સફળતા સંપાદન કરી શકશે. તે ગૃહસ્થનું કાર્ય ચિરકાલના આરંભવાળું છતાં હજી ફલોન્મુખ થયું નથી. તેની પહેલાં તો પાલીતાણાના જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ તરફથી વાંચનમાળાની પહેલી ચોપડી અને તેમાં પ્રવેશ કરવામાં સહાયભૂત થાય તેવા જૈનધર્મ પ્રવેશ પોથીના ચાર ભાગ જૈન પ્રજા સમક્ષ બાહેર પાડવામાં આવ્યા છે. આટલું થયા છતાં હજુ કોન્ફરન્સ નિયમ–સૂત્રના ભાગની વારંવાર આવૃતિ કર્યા કરે છે. એ મોટા આશ્ચર્યની વાત છે. એને માટેજ નહીં પણ બીજા કેટલાએક કોન્ફરન્સના સ્વસત્તાના કાર્યો ઘણાં વિલંબથી બાહેર પડે છે, એ બધાનું કારણ બીજું કાંઇ નથી પણ કોન્ફરન્સના નાયકોનો અનુત્સાહ જનિત પ્રમાદજ છે.

આ વખતે કોન્ફરન્સ પોતાના તે પછીના ચોથા અને પાંચમા નિયમ સૂત્રોના આવર્તન કર્યા કરે છે, પણ તે કાર્યો હજુ જરાપણ ફલોન્મુખ થયા નથી, એ પણ અનુત્સાહ જનિત પ્રમાદજ છે. એ નિયમ સૂત્રોમાં જીર્ણ પુસ્તકોનો ઉદ્ધાર અને પ્રાચિન શિલાલેખોની શોધ તથા સંગ્રહની ઉપયોગી વાત જણાવી પોતાનું કર્તવ્ય તેના આવર્તનમાંજ પૂરું કરી પોતે કૃતાર્થતા માને છે. આ પણ વિચારવા જેવી વાત છે. એ બંને કાર્યો ભારતવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ર્ષની જૈન પ્રજાને ઘણાજ ઉપયોગી છે અને તે કાર્યોના આરંભથીજ જૈન કોન્ફરન્સ “ **કાંઇપણ કરે છે** ” એવું સર્વત્ર સિદ્ધ થાય તેવું છે, તે છતાં તે કાર્યોનો સારો સમારંભ થતો નથી, અને કદિ તે થતો હોય તો લોકોના પ્રકાશમાં આવતો નથી, ત્યાં સુધી કોન્ફરન્સ પોતાના કર્તવ્યમાં પોતે નિષ્ફળ થયેલી છે, એમ સમજવાનું છે. તે પછીના છઠ્ઠા અને સાતમા નિયમસૂત્રો કે જે પ્રથમથીજ આવર્તનરૂપે જાહેર થયા કરે છે. તેનો અમલ પણ હજી સુધી સારા પાયા ઉપર થઈ શક્યો નથી તેમાં ખાસ કરીને સાતમા નિયમસૂત્રને માટે તો કોન્ફરન્સે બધા ધનવાન્ જન ગૃહસ્થોને જાગ્રત કરવાની જરૂર છે. અને જેમ બને તેમ કરી એ નિયમને અમલમાં મુકવાને માટે યોજના કરવાની, પૂરેપૂરી આવશ્યકતા છે. આજકાલ ઘણાં જૈન બંધુઓ નિરાશ્રિત થઇ ઘણાં સંકષ્ટ ભોગવે છે. કેટલાએક તો પોતાના ગૃહ-વ્યવહારમાં ઘણાંજ દુઃખી છે. તેમાં ખાસ કરીને પૂર્વે પ્રતિષ્ટા પામેલા અને પછી મધ્યમ સ્થિતિએ આવેલા જૈનોના કષ્ટનું વર્ણન કરવું અશકય થઇ પડે તેવું છે. એવા સીદાતા કુટુંબોને ઉદ્યોગની મદદ આપવાની પૂરેપૂરી જરૂર છે. કેટલાએક ગ્રહસ્થો સહાય આપવાનો અર્થ એવે ાસમજે છે કે જ્યારે તેઓ દુઃખી થતા હોય ત્યારે તેમને અન્ન વસ્ત્રની મદદ મોકલાવવી, પણ સહાય કરવાનો એ અર્થ તદન ઉલટો છે. કારણ કે, અન્ન વસ્ત્રની એ મદદ કાંઇ ઘણો વખત ટકી શકતી નથી અને તેથી કરીને દુઃખી કુટુંબનો સારો ઉદ્ધાર થતો નથી, માટે તેવા કુટુંબનો જો સારો ઉદ્ધાર કરવો હોય તો તેમને ધંધા રોજગારની સહાય આપવી, જે સહાયથી એ કુટુંબ કાયમને માટે સુખી થવાને ભાગ્યશાળી બને છે. માટે નિરાશ્રિત જૈનોનો ઉદ્ધાર કરવાની યોજના તેમને ધંધો આપવાથી ઉત્તમ પ્રકારે થઇ શકે છે, એ વાત દીર્ઘ વિચારથી વિચારવાની છે.

તે પછી કોન્ફરન્સમાં બીજા જે જે નિયમસૂત્રો પસાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવાના છે, તેઓમાં ઘણાખરા નિયમો તો આવર્ત્તનરૂપેજ રહેલા છે. તે બધા નિયમસૂત્રોમાં ખરેખરૂં ઉપયોગી નિયમસૂત્ર એકજ જોવામાં આવે છે કે જે પ્રાંતિક કોન્ફરન્સો ભરવા બાબતનું છે. જો કોઇ પણ દિવસે જૈન કોન્ફરન્સ પોતાનો વિજય ડંકો વગાડવાની હોય તો તે ઉપયોગી નિયમસૂત્રથીજ વગાડશે. કારણ કે, પ્રાંતિક કોન્ફરન્સની અસર તે તે પ્રદેશના લોકો ઊપર તરત થઇ શકે છે અને તેથી કરીને કોન્ફરન્સના ઘણાં ખરાં નિયમસૂત્રો સત્વર અમલમાં આવતાં જશે. એકંદર જોતાં આ વર્ષના નિયમસૂત્રો દીર્ઘ દ્રષ્ટિથી રચેલાં છે, તો પણ તેઓમાં ઘણાં ખરાં પુનરાવર્ત્તન રૂપે રહેલા હોવાથી તેમજ તેઓની સાર્થકતા ન થવાથી તેઓમાંથી આપણને જોઇએ તેવો નવીન ચમત્કાર પ્રાપ્ત થતો નથી, એમ તો કહેવું પડશે.

આ પ્રસંગે સર્વ જૈન બંધુઓને ખાસ વિનંતિ છે કે, આ રાજનગર એ આર્હત ધર્મની ગુર્જર રાજધાની છે; તેની અંદર વસનારા શ્રાવક ગૃહસ્થો આર્હત ધર્મના હીમાયતી તરીકે વિશ્વમાં વિખ્યાત થયેલા છે. વળી તે સાથે તેઓ પુરાણ આચાર વિચારને માન આપનારા અને નવીન સુધારાના અનુચિત આચારને ધિક્કારનારા છે. તેથી તેમની સાથે રહી કોન્ફરન્સની દ્રઢતાનો અચલ પાયો નાખવાની યોજના જો તે સ્થળે થાય અને પ્રાંતિક કોન્ફરન્સના નિયમ સૂત્રને અમલમાં લાવવાની યોજના જો તેમની સમક્ષ મજબૂત પણેધ ડાયતો, તો કોન્ફરન્સે આ વર્ષમાં એક વિજય મેળવ્યો કહેવાશે, એમાં તો કોઇ જાતનો સંશય નથી. છેવટ આ વખતની વિજયવતી કોન્ફરન્સની અંતરંગ ધારણાઓ સફળ થાઓ એવા આશીષના ઊદ્ગાર કાઢી અમારે એટલુંજ કહેવાનું છે કે, દરેક જન બંધુએ ત્રિકરણ શુદ્ધિથી કોન્ફરન્સના હેતુઓને વધાવી લેવાના છે. આપણે જુદા જુદા સ્થાનના જુદા જુદા ગચ્છના અને જુદા જુદા સંઘના અગ્રેસરો છીએ—એ વિચાર પણ હવે કાઢી નાખવો જોઇએ છીએ. આપણ બધા એકજ ધર્મના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીરપુત્રો છીએ. આપણ એકજ ધર્મ અને એકજ કર્તવ્ય કરનારી ભારત વર્ષની એક ઊત્તમ આર્ય પ્રજા છીએ. આપણે જૈનત્વની ભાવનાને અનુસાર મથન કરવામાં અગાડી દ્રષ્ટિ નાખવી જોઇએ; અને એ દ્રષ્ટિથી અવલોકન કરી આપણે સર્વની શક્તિ, સર્વની બુદ્ધિ અને સર્વનું ધર્મ તથા નીતિનું બળ સંપાદન કરી આપણા ધર્મમાં અને સંસારમાં સુધારો કરવાનો છે. એજ આપણી ઊત્તમ ભાવનાવાળી ઊત્કર્ષ પદ્ધતિ છે. જે પદ્ધતિને લઇને આપણે આપણાં કાર્યમાં મહાન્ વિજય મેળવી શકીશું. અને પછી તે વિજયના ઊત્કર્ષથી આપણે ભારતવર્ષની પવિત્ર ભૂમિ ઊપર જૈન કોન્ફરન્સનાં વિજય ગીત ઊત્સાહ પૂર્વક ગાઇશું

છેવટે આ વિજયવતી પાંચમી કોન્ફરન્સ માટે નીચેના પદ્યથી આશીર્વાદના ઊદ્ગાર કાઢી આ લઘુ લેખ સમાપ્ત કરવામાં આવે છે.

**" भारते भारतीयानां जैनानां जयसंपदः ।**
**वीरशासन नेताऽत्र करोतु वृद्धिगामिनीः ॥**

"આ ભારતવર્ષમાં ભારતવર્ષીય જૈનોની વિજય સંપત્તિઓને વીરશાસના નાયક વૃદ્ધિ પામતી કરો".

# સિદ્ધસૂરિ પ્રબંધ.

ગુર્જર દેશનો સર્વ ઇતિહાસ જૈન વિદ્વાનોના ગ્રંથોની પ્રકાશમાં આવેલો છે. જૈન રાજાઓએ એ દેશમાં પોતાની રાજધાની સ્થાપી હતી; એથી કરીને આર્હત ધર્મના ગ્રંથકારોએ પોતાના પ્રશસ્તિના લેખમાં ગુર્જરદેશ અને તે દેશના પતિઓનાં નામ મુદ્રિત કરેલાં છે. એવી એવી પ્રશસ્તિના લેખો ઉપરથી આ સિદ્ધસૂરિ પ્રબંધનો લેખ પણ ઉદ્ભવ્યો છે. આ પ્રબંધના મુખ્ય નાયક સિદ્ધસૂરિ ઘણાં ચમત્કારી વિદ્વાન થઇ ગયા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની પ્રતિભાનો પ્રભાવ જૈન ગ્રંથોમા અદ્યાપિ પ્રકાશિત છે. તેમના જીવનનો વૃત્તાંત જાણવા જેવો છે. પ્રાચીન જૈનોનાં જીવન ચરિત્ર વાંચવાથી આપણને ઘણો બોધ મળી શકે છે. તેમાં ખાસ કરીને જેનું જીવન સાંસારિક અને ધાર્મિક ઉન્નતિના શિખરપર વિશ્રાંત થયું હોય, તેવા જીવનના જિજ્ઞાસુને તે જાણવાથી જે આનંદ આવે છે, તે આનંદ અલૌકિક છે. તેવો આનંદ આપણા પ્રખ્યાત આચાર્ય સિદ્ધસૂરિના જીવન ચરિત્ર ઉપરથી મળે તેમ છે. તે મહાત્માનું જીવન ચરિત્ર સંક્ષિપ્ત છે, પણ ઘણું બોધક છે. તેમના જીવનના આરંભ અને અંતની વચ્ચે જે ટુંક બનાવો બનેલા છે, તે ઘણા ચમત્કારી અને પ્રભાવક બનેલા છે.

આ ભરતક્ષેત્રના ભૂષણ ગુર્જર દેશમાં **શ્રીમાળ** નામે નગર હતું. એ નગરનો વિસ્તાર ઘણો હતો. અર્વાચીન કાળે જે શ્રીમાળી વંશ પ્રવર્તે છે, તે વંશનું મૂળ ઉત્પત્તિસ્થાન તે શ્રીમાલ નગર હતું. દશાશ્રીમાળી અને વીશાશ્રીમાળી એ બંને કોમના આદ્ય પુરૂષોનું આદિક્ષેત્ર તે નગર હતું. વણિક કોમના પુરોહિતપદ ઉપર રહેલી શ્રીમાળી બ્રાહ્મણોની જ્ઞાતિ પણ એ નગરમાંથીજ ઉદ્ભવેલી છે.

તે નગરમાં ક્ષત્રીધર્મ ધુરંધર **શ્રીવર્મલાભ** નામે રાજા હતો, તે ગુર્જર પ્રજાનું નીતિથી પાલન કરતો હતો, સામ, દાન, ભેદ અને દંડ એ ચાર પ્રકારથી નીતિરૂપ લતાને પલ્લવિત કરતો હતો. તેના રાજ્યમાં શ્રીમાળ નગરની પ્રજા સર્વ પ્રકારે સુખી હતી. રાજા અને પ્રજા બંને એકરૂપ થઇ સહૃદય ભાવને અનુભવતા હતા. આથી કરીને શ્રીવર્મલાભ રાજાની સત્કીર્ત્તિ ભારત વર્ષમાં સર્વ સ્થળે પ્રસરી રહી હતી.

રાજા શ્રી વર્મલાભને સુપ્રભદેવ નામે એક મંત્રી હતો. તે ઘણોજ ન્યાય સંપન્ન અને પ્રવીણ હતો. તેનામાં દયા, ક્ષમા, સરળતા વિગેરે કેટલાએક ગુણો વાસ કરી રહ્યા હતા, આથી રાજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી વર્મલાભની તેના ઉપર ઘણી પ્રીતિ હતી. તે સાથે રાજાનું તેની ઉપર બહુ માન પણ હતું. સુપ્રભદેવમાં સૌમ્યતાનો ગુણ બહુ મોટો હતો; તેથી હંમેશા તેનો ચેહેરો ખુશનુમાં રહેતો હતો. મંત્રીની દબ દબા ભરેલી મોટી પદ્વી તે ભોગવતો હતો. તથાપિ એક નાનામાં નાનું બાલક કે કોઇ ગરીબ માણસ તેની પાસે જાય તો પણ તેની સાથે સૌમ્યતાથી વાત કરતો અને નમ્રવાણીથી તેના હૃદયને સંતોષ આપતો હતો.

આ સદ્ગુણી મંત્રીને દત્ત અને શુભંકર નામે બે પુત્રો થયા હતા. તેમાં જે દત્ત હતો તેને માઘ નામે એક પુત્ર થયો હતો માઘ બાલ વયમાંથી બુદ્ધિમાન્ હતો. તેનામાં પ્રતિભા શક્તિ ઘણી ઊંચી હતી, તેથી તે સંસ્કૃત કવિતા ઘણી સારી કરતો હતો. માઘ જ્યારે વિદ્વત્તામાં વિખ્યાત થયો ત્યારે તેની સત્કીર્તિ સાંભળી અવંતીના રાજા ભોજે તેને પોતાના દરબારમાં બોલાવ્યો હતો અને તેને ઘણુંજ માન આપ્યું હતું. માઘની કાવ્ય શક્તિ જોઇ ભોજ રાજા ખુશી થઇ ગયો અને તેને રાજ કવિની પદ્વી આપી પોતાની પાસે રાખ્યો હતો. અવંતિપતિ ભોજના આશ્રયથી રાજ-માન પામેલા માઘ કવિએ શિશુપાલવધ નામે એક કાવ્ય રચ્યું હતું. તે કાવ્ય અદ્યપિ લોકોમાં અદ્ભુત કાવ્ય ગણાય છે. એ કાવ્યને માટે વિદ્વાન લોકો એટલે સુધી લખેછે કે

**नव सर्ग गते माघे नव शब्दो न विद्यते**

એટલે જો માઘ કાવ્યના નવ સર્ગ ભણવામાં આવે તો પછી સંસ્કૃત નવો શબ્દ અજ્ઞાત રહેતો નથી.

---

# જગત્માંનું નીતિમય શાસન.

આપણે ઘણી વાર આત્મજ્ઞાન સંબંધી હૃદયમાં ખોટી શાન્તિ અને ખોટો સંતોષ ધરીએ છીએ, ઘણી વાર આપણે બાહ્ય આકાર તેજ આપણા અન્તરાત્માનું પ્રતિબિમ્બ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે એમ સમજી બેશી રહીએ છીએ, કેટલી ઘણી વાર આપણી અલ્પતા અને આપણી સ્થૂલતા તે પરમ અમૃતતા અને પરમ અભયતાથી જુદી છે એ ભૂલી જઇએ છીએ, એ સ્થિતિનું આપણને સ્મરણ થવાની આવશ્યકતા છે.

\+ + + + + × + + પરમાત્માના મહાન અંશો જે આપણામાં સંક્રાકત થએલા છે તેમાના એક અંશ ઉપર અર્થાત્ નીતિમય અંશ ઉપર લક્ષ કરીએ છીએ તો બહાર દેખાતા આપણા આકારથી આપણો અંતરાત્મા કેવો જુદો છે, ચર્મ, કેશ, નખ વગેરે રૂપવાળા આપણા શરીરને આત્મા માનવામાં કેવી ભૂલ છે, એ આત્માના વ્યાપાર કેવા વિલક્ષણ છે, એ આત્માની ઉત્તમતા વસ્ત્રાલંકારમાં નહિં પણ કેવી નીતિમય ઉચ્ચતામાં છે, અને એ ઉચ્ચતા પ્રાપ્ત કરાવનારૂં આપણા ઉપર પરમાત્માનું કેવું શાસન છે તેનો આપણને સાક્ષાત્કાર થાય છે.

આપણા આત્મામાંજ નીતિનિયમ ( moral law ) સ્થાપિત થયેલો છે તે આપણને સત્ અને અસત્‌નું–કર્તવ્ય અને અકર્તવ્યનું ભાન કરાવે છે, બે જુદા જુદા માર્ગ આવી ઉભા રહે ત્યારે કયો ખરો છે અને કયો ખોટો છે, કયો ગ્રહણ કરવા યોગ્ય છે અને કયો ત્યાગ કરવા યોગ્ય છે તે આપણને દર્શાવે છે. એ નીતિનિયમના અનુસરણ કે ઉલ્લંઘનને આધારે આપણી જવાબદારી બંધાય છે, આપણી ઉન્નતિ કે અધોગતિ રચાય છે. એ નીતિનિયમનું શાસન ( government ) આપણા ઉપર આપણા જીવનમાં છે તેમજ આ જીવન પછી પણ છે, અને આખરે તો નીતિજ જયવંત થાય છે, અનીતિ જયવંત થતી નથી. કહ્યું છે કે, **सत्यमेव जयते नानृतं सत्येन पन्था वितती देवयानः** ‘ સત્યજ જય પામે છે, અસત્ય જય પામતું નથી. દેવોને જવાનો માર્ગ સત્યથી પથરાએલો છે.’ આ બહુ વિશાળ વિષય છે અને તેમાથી આ જીવનમાંના નીતિશાસન વિશે આજ વિચાર કરીશું તો બસ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે નીતિનું શાસન આપણા ઉપર શી રીતે છે ? આપણા દરેકના આત્મામાં નીતિનો નિયમ સ્થાપાયેલો છે. તે આપણને નીતિ તરફ પ્રેરે છે, તેને લીધે આપણો અન્તર્દીપ ( conscience ) આપણાં નીતિમય કાર્યો પસંદ કરે છે અને અનીતિમય કાર્યો નાપસંદ કરે છે, એ પ્રત્યેક વ્યક્તિની અંદર ચાલતું શાસન નિર્વિવાદ છે અને તે વિશે વિવેચન કરવાની આ પ્રસંગે જરૂર નથી. પણ બહાર નીતિનું શાસન છે કે નહિં ? આ દુનિયામાં મનુષ્યોની જે વિવિધ દશાઓ થાય છે તેમાં નીતિનું શાસન જોવામાં આવે છે ? આ દુનિયામાં નીતિનાં સારાં ફળ અને અનીતિનાં માઠાં ફળ જોવામાં આવે છે ? મરતાં પહેલાં નીતિમાનને ઇનામ મળતું અને અનીતિમાનને સજા થતી જોવામાં આવે છે ? અથવા નીતિ–અનીતિનાં ઇનામ સજા સિવાય કાંઇ બીજાં પરિણામ હોય તો તે આ જીવનમાં થતાં જોવામાં આવે છે ? ઇંગ્રેજીમાં કહીએ તો (Is there a moral Government in the affairs of this world )ધર્મનો વિષય બાજુએ રાખતાં, આ દુનિયાના વ્યવહાર આચરણ તથા નિયંત્ર માટે આ પ્રશ્ન બહુઅગત્યનોછે અને નીતિમય શાસનવિષેની જિજ્ઞાસા અવગણનાનેપાત્ર નથી.

આરંભમાં એક શંકા થશે કે આ દુનિયામાં અસત્ ( evil ) છે તે વાત નીતિમય શાસનથી વિરૂદ્ધ નથી ? દુનિયાને નીતિના નિયમે ચલાવનારના રાજ્યમાં અસત્ છે અર્થાત્ અનીતિનો સંભવ છે તો તેનું શાસન નીતિમય કેમ કહી શકાય ? મનુષ્યોને નીતિનું જ્ઞાન છે, નીતિની બુદ્ધિ તેમનામાં સ્ફુરે છે, નીતિએ ચાલવાનું બળ તેઓ મેળવી શકે છે, પરંતુ અનીતિએ ચાલવું હોય તો અનીતિએ ચાલવાની પણ તેમને છુટ છે અને તેથી કેટલાક અનીતિએ ચાલે પણ છે એમ વસ્તુસ્થિતિ છે. બધા મનુષ્યો સત્યજ બોલી શકે, બધા મનુષ્યો નીતિએજ વર્તી શકે, કોઇ મનુષ્યથી કદિ અનીતિએ વર્તી શકાયજ નહિં, કોઇ મનુષ્યથી કદિ દુષ્કૃત્ય થઇ શકેજ નહિં;—એવી ઘટના નથી, તો એવી ઘટના વિના દુનિયાનું શાસન

For Private And Personal Use Only